| કુલ ગુણ | 150 |
|---|---|

# SP-TET-I - 2025

પરીક્ષાની તારીખ : 12/10/2025

પરીક્ષાનો સમય : સવારે 11.00 TO 13.00

| SP-TET-1 | પ્રશ્ન પુસ્તિકા નંબર QUESTION PAPER NO.

**A** A 101036

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઈઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઈલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર છપાયેલ હશે, જે ખરાઇ કરવો. |
| (6) | પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલુમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ -150 પ્રશ્નો છે.</u> પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ કાળુ (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષાનો માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

રફ કામ માટેનું પેઈજ

(1) બાળવિકાસના સિદ્ધાંતોના સંદર્ભમાં શું ખોટું છે ?

(A) વિકાસ એ વૃદ્ધિથી સ્વતંત્ર પ્રક્રિયા છે.

(B) વિકાસની પ્રક્રિયામાં વ્યક્તિગત ભિન્નતા જોવા મળે છે.

(C) વિકાસની દિશા સ્વાવલંબનથી પરાવલંબન તરફની હોય છે.

(D) વિકાસની પ્રક્રિયા મસ્તકથી ધડ તરફ થાય છે.

(2) પિયાજેએ આપેલ બોધાત્મક વિકાસના સિદ્ધાંત અનુસાર કઈ અવસ્થામાં બાળક તે જે વિચારે છે એને જ સાચું માની લે છે ?

(A) સંવેદનાત્મક-ક્રિયાલક્ષી અવસ્થા (Pre-Operational Stage)

(B) પૂર્વ સંકલ્પનાત્મક અવસ્થા (Pre-Conceptual Stage)

(C) મૂર્ત માનસિક ક્રિયાત્મક અવસ્થા (Concrete Operational Stage)

(D) ઔપચારિક માનસિક ક્રિયાત્મક અવસ્થા (Formal Operational Stage)

(3) તે શિક્ષણમાં સમાવેશનને સૌથી સારી રીતે વ્યાખ્યાયિત કરે છે.

(A) વિશિષ્ટ બાળકોને વિશિષ્ટ શાળાઓમાં ભણાવવા.

(B) વિશિષ્ટ બાળકોને તેમના ઘરે રહીને ભણવા માટે પ્રેરવા.

(C) વિશિષ્ટ બાળકોને સામાન્ય બાળકોના વર્ગમાં સાથે ભણવા માટે સુવિધા, સંસાધન અને સહાય પૂરાં પાડવાં.

(D) વિશિષ્ટ બાળકોને સામાન્ય શાળાઓમાં પણ સામાન્ય બાળકોથી જુદાં રાખીને ભણાવવા.

(4) વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ દિવ્યાંગતા માટે આપેલ વર્ગીકરણના સંદર્ભમાં સ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખી ચડતા ક્રમમાં ગોઠવો.

1. Disability (અક્ષમતા/દિવ્યાંગતા)
2. Impairment (ક્ષતિ)
3. Handicap (અંતરાય)

(A) $2 \rightarrow 1 \rightarrow 3$ (B) $1 \rightarrow 2 \rightarrow 3$ (C) $3 \rightarrow 2 \rightarrow 1$ (D) $2 \rightarrow 3 \rightarrow 1$

(5) વર્ષ 2025માં આવેલ ફિલ્મ 'સિતારે જમીન પર' કયા પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ પર આધારિત છે ?

(A) દષ્ટિ સંબંધિત દિવ્યાંગતા (B) શ્રવણ સંબંધિત દિવ્યાંગતા

(C) હલનચલન સંબંધિત દિવ્યાંગતા (D) માનસિક વિકાસ સંબંધિત દિવ્યાંગતા


(6) તમારા વર્ગમાં એક બાળક ડિસલેક્સિયા ધરાવે છે, શિક્ષક તરીકે તમે તેના માટે શું કરશો ?

(A) તેને અલગથી વર્કશીટ તૈયાર કરીને આપીશ.


(B) તેને અન્ય વિદ્યાર્થીઓથી અલગ બેસાડીશ.

(C) તેને આવડી ન જાય ત્યાં સુધી લખી લાવવાનું ગૃહકાર્ય આપીશ.

(D) લખાણમાં વારંવાર થતી ભૂલો માટે ઠપકો આપીશ.

(7)  એક જાહેર સ્થળે દૃષ્ટિની ખામી ધરાવતી એક વ્યક્તિના માર્ગમાં આ પ્રકારની ઉપસેલી ભાતવાળી ટાઇલ્સ આવે છે. તે વ્યક્તિએ આનાથી શું સમજવાનું છે ?

(A) માત્ર ડાબી બાજુ આગળ વધી શકાશે.
(B) માત્ર જમણી બાજુ આગળ વધી શકાશે.
(C) માત્ર સીધા જ આગળ વધી શકાશે.
(D) થોભવાનું કે સાવચેત થવાનું છે.

(8)  એક જાહેર સ્થળે બાજુમાં દર્શાવ્યા મુજબની ટાઇલ્સ એક હરોળમાં લગાવેલી છે. તે શું દર્શાવે છે ?

(A)  આ દિશામાં આગળ વધો.
(B)  આ દિશામાં આગળ વધો.
(C)  આ દિશામાં આગળ વધો.
(D)  આ દિશામાં આગળ વધો.

(9) દિવ્યાંગ બાળકોના શિક્ષણના સંદર્ભમાં શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યોની મુખ્ય ભૂમિકા શી છે ?

(A) દિવ્યાંગ બાળકોના વાલીઓને આર્થિક સહાય કરવી.
(B) દિવ્યાંગ બાળકો માટે મેડિકલ કેમ્પનું આયોજન કરવું.
(C) પોતાના વિસ્તારના શિક્ષણથી વંચિત દિવ્યાંગ બાળકોની ઓળખ કરવી.
(D) શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું.

(10) સામાન્ય બાળકોની જેમ દિવ્યાંગ બાળકોનું શિક્ષણ શક્ય બને તે માટે રાષ્ટ્રીય શિક્ષણ અને તાલીમ પરિષદ (NCERT) દ્વારા તૈયાર કરાયેલ શ્રેણીનું નામ શું છે ?

(A) Gatha : A Reading Series for 'All'
(B) Katha : A Reading Series for 'All'
(C) Varsha : A Reading Series for 'All'
(D) Barkhaa : A Reading Series for 'All'

(11) બાળકોમાં ડિસગ્રાફિયા (Dysgraphia) કઈ બાબત સૂચવે છે ?

(A) વાંચન સંબંધિત મુશ્કેલી
(B) લેખન સંબંધિત મુશ્કેલી
(C) ગણન સંબંધિત મુશ્કેલી
(D) આકૃતિ – આલેખ દોરવા સંબંધિત મુશ્કેલી

(12) કયા પ્રોગ્રામ અંતર્ગત સમગ્ર શિક્ષા ગુજરાત દ્વારા વિશિષ્ટ શિક્ષક (Special Educator / Teacher)ને તાલીમ આપવામાં આવે છે ?

(A) પ્રેરણા
(B) ચેતના
(C) સંવેદના
(D) સમાવેશના

(13) Attention Deficit Hyperactivity Disorder (ADHD) ધરાવતા બાળકોનું મુખ્ય લક્ષણ ઓળખો.

(A) શાંતિપૂર્વક અને સ્વતંત્ર રીતે કામ કરવું.

(B) રમત જેવી શારીરિક પ્રવૃત્તિઓથી દૂર ભાગવું.

(C) ધ્યાન કેન્દ્રિકરણમાં મુશ્કેલી પડવી અને સરળતાથી ધ્યાનભંગ થવો.

(D) કોઈપણ કાર્ય સૂક્ષ્મ અવલોકન અને એકાગ્રતાથી કરવું.

(14) Attention Deficit Hyperactivity Disorder (ADHD) ધરાવતા બાળક સાથે કામ કરતી વખતે શિક્ષક તરીકે શું ધ્યાન રાખશો ?

(A) તાસ દરમિયાન સતત વ્યાખ્યાન પદ્ધતિનો ઉપયોગ કરવો.

(B) વર્ગમાં તેને જે પ્રવૃત્તિ કરવી હોય તે કરવા દેવી.

(C) પ્રવૃત્તિને નાના ભાગોમાં વહેંચવી અને પ્રવૃત્તિ કરવા માટે સ્પષ્ટ અને સરળ સૂચના આપવી.

(D) વર્ગમાં કડક શિસ્તનું વાતાવરણ ઊભું કરવું.

(15) એક શિક્ષક વર્ગખંડમાં હંમેશાં મોટેથી અને યોગ્ય ઝડપે બોલે છે, વિદ્યાર્થીઓને નામથી જ બોલાવે છે અને કા.પા. કાર્ય કરતી વખતે જે લખે છે તે પણ મોટેથી બોલે છે. આ શિક્ષક વર્ગના કયા બાળકોનું ધ્યાન રાખી રહ્યાં છે ?

(A) હલનચલન સંબંધિત દિવ્યાંગતા ધરાવતા બાળકો

(B) દૃષ્ટિ સંબંધિત દિવ્યાંગતા ધરાવતા બાળકો

(C) શ્રવણ સંબંધિત દિવ્યાંગતા ધરાવતા બાળકો

(D) માનસિક વિકાસ સંબંધિત દિવ્યાંગતા ધરાવતા બાળકો

(16) શિક્ષણ આપી શકાય તેવા માનસિક દિવ્યાંગો (Educable Mentally Retarded) નો બુદ્ધિઆંક કેટલો હોય છે ?

(A) 25 થી નીચે (B) 25 થી 50

(C) 50 થી 75 (D) 75 થી વધુ

(17) એક વિદ્યાર્થી વાંચતી વખતે ભળતા-ભળતા શબ્દો વાંચે છે. (દા.ત. કાગળના બદલે કાગડો, on ના બદલે no વગેરે) આ વિદ્યાર્થીને કેવા પ્રકારની દિવ્યાંગતા છે તેમ કહી શકાય ?

(A) દૃષ્ટિ સંબંધિત દિવ્યાંગતા (B) શ્રવણ સંબંધિત દિવ્યાંગતા

(C) વાચા સંબંધિત દિવ્યાંગતા (D) અધ્યયન સંબંધિત દિવ્યાંગતા

(18) વિદ્યાર્થીઓની વિવિધ અધ્યયન જરૂરિયાતોના સંદર્ભમાં શિક્ષકે નીચેમાંથી શું ન કરવું જોઈએ ?

(A) વિષયવસ્તુને જુદી જુદી રીતે રજૂ કરવું.

(B) વિદ્યાર્થીઓ સ્વ. નિયમન કરતા થાય માટે યોગ્ય કૌશલ્યો વિકસાવવા જોઈએ.

(C) વિદ્યાર્થીઓ અધ્યયન માટેના પોતાના લક્ષ્યો નિર્ધારીત કરે તે માટે પ્રેરણા આપવી જોઈએ.

(D) વિદ્યાર્થીઓનું વિવિધ સામાજિક-આર્થિક સંદર્ભોમાં વર્ગીકરણ કરવું.

(19) કથન અને તર્કને આધારે જવાબ આપો.

**કથન :** શિક્ષકે અધ્યાપન કાર્ય કરતી વખતે પ્રોજેક્ટકાર્ય, જૂથકાર્ય અને ચર્ચાનો સમાવેશ કરવો જોઈએ.

**તર્ક :** વિદ્યાર્થીના સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભમાં અધ્યાપન સ્વતંત્ર છે.

(A) કથન અને તર્ક બન્ને સાચા છે. તર્ક એ કથનનું સમર્થન કરે છે.

(B) કથન અને તર્ક બન્ને સાચા છે. તર્ક એ કથનનું સમર્થન કરતુ નથી.

(C) કથન સાચું છે પરંતુ તર્ક ખોટું છે.

(D) કથન અને તર્ક બન્ને ખોટા છે.

(20) નીચેનામાંથી કયો પ્રશ્ન વિદ્યાર્થીની ચિંતનાત્મક વિચારસરણીમાં વધારો કરી શકે ?

(A) 728 ને 65 વડે ગુણવા

(B) કયા વર્ષમાં ગુજરાતને સ્વતંત્ર રાજ્યનો દરજ્જો મળ્યો ?

(C) ગંગાનુ ઊદગમ સ્થાન કયુ છે ?

(D) તમારા શહેરમાં વરસાદના કારણે ભરાતા પાણીની સમસ્યાનું સમાધાન કેવી રીતે કરશો ?

(21) શિક્ષક અંગ્રેજીનો પાઠ ભણાવતી વખતે વિદ્યાર્થી પાસે વાંચન કરાવે છે. વાંચન કરાવતી વખતે શિક્ષકને તેમાં થોડા ઉચ્ચારદોષ જોવા મળે છે. જેની તે નોંધ રાખે છે. આ કયા પ્રકારનું મુલ્યાંકન થશે ?

(A) અધ્યાપનનું મુલ્યાંકન (Assessment of Learning)

(B) અધ્યાપન માટેનું મૂલ્યાંકન (Assessment for Learning)

(C) સંકલિત મૂલ્યાંકન (Summative Assessment)

(D) પ્રમાણિત મૂલ્યાંકન (Standardized Testing)

(22) જો 5મી ઑક્ટોબરે શનિવાર હોય તો 24મી ઑક્ટોબરે કયો વાર હશે ?

(A) બુધવાર (B) ગુરુવાર (C) શુક્રવાર (D) શનિવાર

(23) ધોરણ 5 ના એક વિદ્યાર્થી વર્ગખંડ શિક્ષણ દરમિયાન કાલુ કાલુ બોલે, ઘુંટણિયે ચાલે, જમીન પર આળોટે છે. આ વર્તન કઈ બચાવ પ્રયુક્તિને નિર્દેશ કરે છે ?

(A) પરાગતિ (B) સ્થાનાંતર (C) પ્રક્ષેપણ (D) ઊર્ધ્વીકરણ

(24) પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ શું આવશે ?

7, 2 = 59

5, 3 = 28

9, 1 = 810

5, 4 = ?

(A) 19 (B) 9 (C) 20 (D) 239

(25) જો T = 20 હોય અને TEN = 39 હોય તો TIP = .........?

(A) 70 (B) 45 (C) 54 (D) 65

(26) મોનોપ્લેજીયા એટલે શરીરના ............. અસર.

(A) બંને હાથ-પગમાં (B) બંને હાથ-પગ, પણ પગમાં વધારે

(C) એક બાજુમાં (D) એક અંગમાં

(27) લો વિઝનની વિઝ્યુઅલ ફિલ્ડ .............. હોય છે.

(A) $180^0$ (B) $20^0$ અથવા તેથી ઓછી

(C) $10^0$ અથવા તેથી ઓછી (D) $5^0$ અથવા તેથી ઓછી

(28) એટ્રેઝીયા એટલે શું ?

(A) કીકીમાં પત્થર હોવો (B) મગજમાં સોજો

(C) તાળવામાં કાણું હોવું (D) બાહ્ય કર્ણ ન હોવા

(29) RPWD Act મુજબ શ્રવણમંદ તેને કહી શકાય, જેના બંને કાનમાં ............. db શ્રવણઘાત હોય.

(A) 40 (B) 50 (C) 60 (D) 70

(30) APPLE TREE પ્રોગ્રામ .............. વિકલાંગતા ધરાવતાં બાળકોને શિક્ષણ આપવાની પદ્ધતિ છે.

(A) માનસિક મંદતા (B) શ્રવણ મંદતા

(C) પ્રજ્ઞા ચક્ષુ (D) સ્વલિનતા

- **નીચેના ગદ્યખંડ પરથી પ્રશ્ન 31 થી 35 ના સાચા જવાબ પસંદ કરો :**

રચનાવાદી અધ્યાપન અભિગમ એ શીખવાની પ્રક્રિયાને એક નિષ્ક્રિય બાબત તરીકે નહીં, પરંતુ જ્ઞાનના સક્રિય-નિર્માણ તરીકે જુએ છે. આ અભિગમ માને છે કે શીખનારાઓ ફક્ત માહિતીને ગ્રહણ કરતા નથી, પરંતુ તેઓ પોતાના પૂર્વજ્ઞાન અને અનુભવોના આધારે નવા જ્ઞાનનું નિર્માણ કરે છે. શિક્ષક અહીં જ્ઞાનનો સીધો પ્રદાતા બનવાને બદલે, એક સુવિધાજનક (facilitator) ની ભૂમિકા ભજવે છે - તે વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા, શોધખોળ કરવા, ચર્ચા કરવા અને સમસ્યાઓ હલ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. વર્ગખંડમાં, રચનાવાદ પ્રાયોગિક શિક્ષણ, જૂથ કાર્ય, પ્રોજેક્ટ આધારિત શિક્ષણ અને વાસ્તવિક જીવનની સમસ્યાઓનો ઉકેલ લાવવા પર ભાર મૂકે છે.

આ અભિગમ વિદ્યાર્થી-કેન્દ્રિત હોવાથી, તે દરેક બાળકની શીખવાની અનન્ય શૈલી અને ગતિને માન આપે છે. શિક્ષક વિદ્યાર્થીઓને તેમના પોતાના સિદ્ધાંતો વિકસાવવા, તેમને ચકાસવા અને જરૂર પડ્યે સુધારવા માટે તકો પૂરી પાડે છે. ભૂલોને શીખવાની પ્રક્રિયાના અનિવાર્ય ભાગ તરીકે જોવામાં આવે છે, જે નવી સમજણ તરફ દોરી જાય છે. સામાજિક ક્રિયાપ્રતિક્રિયા પણ રચનાવાદમાં મહત્ત્વપૂર્ણ છે, કારણ કે વિદ્યાર્થીઓ સહપાઠીઓ અને શિક્ષકો સાથે સંવાદ દ્વારા જ્ઞાનનું સહ-નિર્માણ કરે છે. આનાથી શીખવાની પ્રક્રિયા માત્ર માહિતી મેળવવા પૂરતી સીમિત ન રહેતાં, તે ઊંડી સમજણ, વિવેચનાત્મક ચિંતન અને સમસ્યા-ઉકેલ જેવાં કૌશલ્યોના વિકાસ તરફ દોરી જાય છે. આ અભિગમ અંતર્ગત, શિક્ષકો સતત મૂલ્યાંકન દ્વારા વિદ્યાર્થીઓની પ્રગતિનું નિરીક્ષણ કરે છે અને તે મુજબ તેમની શીખવાની પ્રવૃત્તિઓમાં બદલાવ લાવે છે.

(31) રચનાવાદી અધ્યાપન અભિગમ મુજબ, શીખવાની પ્રક્રિયાને કેવી રીતે જોવામાં આવે છે ?

(A) માહિતીનું નિષ્ક્રિય ગ્રહણ (B) જ્ઞાનનું સક્રિય નિર્માણ

(C) શિક્ષક દ્વારા જ્ઞાનનો સીધો પ્રદાન (D) સક્રિય જ્ઞાનનું નિર્માણ

(32) આ અભિગમમાં શિક્ષકની મુખ્ય ભૂમિકા શું છે ?

(A) જ્ઞાનદાતા (B) સગવડકર્તા

(C) વિદ્યાર્થીઓની ભૂલસુધારનાર (D) ફ્રેન્ડ ફિલોસોફર અને ગાઈડ

(33) નીચેનામાથી કયું તત્ત્વ રચનાવાદી અભિગમમાં શીખવા માટે સૌથી ઓછું મહત્ત્વનું છે ?

(A) પ્રાયોગિક શિક્ષણ (B) સ્મૃતિ વિકાસ

(C) જૂથ કાર્ય (D) વાસ્તવિક જીવનની સમસ્યાઓનો ઉકેલ

(34) રચનાવાદી અભિગમ વિદ્યાર્થી-કેન્દ્રિત ગણાય છે. કારણ કે...

(A) તે દરેક બાળકની શીખવાની અનન્ય શૈલી અને ગતિને માન આપે છે.

(B) તે શિક્ષકના જ્ઞાન પર ભાર મૂકે છે.

(C) કારણ કે તે ફક્ત પરીક્ષાના પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

(D) કારણ કે તેમાં પ્રવૃત્તિઓ દ્વારા વિવિધ રચનાઓ કરવામાં આવે છે.

(35) રચનાવાદમાં 'ભૂલો' ને કેવી રીતે જોવામાં આવે છે ?

(A) શીખવાની પ્રક્રિયામાં અવરોધ

(B) શિક્ષકની નિષ્ફળતા

(C) નવી સમજણ તરફ દોરી જતો અનિવાર્ય ભાગ

(D) શિક્ષકો દ્વારા તરત જ સુધારવા યોગ્ય

(36) નીચે આપેલા શબ્દોમાંથી વિશેષણ શોધો.

(A) આરંભ (B) પાર્થિવ (C) ચોપડી (D) નિત્ય

(37) નીચેનામાંથી કઈ રચના નવલકથા છે ?

(A) પુનરપિ (B) કુવરબાઈનું મામેરું (C) સોનાનાવડી (D) માનવીની ભવાઈ

(38) 'નવોઢા'નો સંધિવિગ્રહ કયો છે ?

(A) નવ + ઉઢા (B) નવ + ઊઢા (C) નવ + ઓઢા (D) ત્રણ પૈકી એકેય નહિ

(39) ભાષામાં નાનામાં નાનો ઘટક છે..........

(A) શબ્દ (B) અક્ષર (C) સ્વર (D) ધ્વનિ

(40) સાચી જોડણી જણાવો.

(A) સિંધુર્મિ (B) સીધુર્મિ (C) સિંધૂર્મિ (D) સિધુર્મી

(41) આપેલ વિકલ્પ પૈકી શબ્દકોશના ક્રમ મુજબ ગોઠવાયેલી યાદીમાંથી સાચો વિકલ્પ શોધો.

(A) પ્રથમ, વિનંતી, આકાશ, અંબર, ક્ષત્રિય (B) ક્ષત્રિય, અંબર, આકાશ, વિનંતી, પ્રથમ

(C) અંબર, આકાશ, ક્ષત્રિય, પ્રથમ, વિનંતી (D) આકાશ, અંબર, ક્ષત્રિય, પ્રથમ, વિનંતી

(42) કામિની કોકિલા કેલી કૂજન કરે. અંલકાર ઓળખો.

(A) ઉત્પ્રેક્ષા (B) ઉપમા (C) વર્ણાનુપ્રાસ (D) રૂપક

(43) આપેલ વાક્યમાં કયું 'કર્મણિવાક્ય' છે ?

(A) શિક્ષકે પાઠ સમજાવ્યો. (B) પાઠ શિક્ષક દ્વારા સમજાવવામાં આવ્યો.

(C) શિક્ષક પાઠ સમજાવે છે. (D) ઉપર પૈકી એકેય નહિ.

(44) ઉપસર્ગ ન હોય તેવો શબ્દ કયો છે ?

(A) પ્રજાસત્તાક (B) મિત્રતા

(C) અશિક્ષિત (D) પ્રકાશ

(45) તબિયત વિશે પૂછતાં વડીલે જવાબ આપ્યો, મને તો પાણાય નથી પડતા. — વડીલના આ જવાબનો અર્થ થશે :

(A) પગે સોજા નથી આવતા (B) હજી હું વૃદ્ધ નથી

(C) મને તો કોઈ બિમારી નથી (D) મને તો સફેદ વાળ પણ નથી આવ્યા

(46) જો ઉદધિ, જલધિ અને વારિધિ એટલે પાણિનો જથ્થો કે ભંડાર તો અંબુધિ એટલે...

(A) પાણીનો જથ્થો કે ભંડાર (B) મોટું આકાશ

(C) આંબી ન શકાય તેવું આકાશ (D) મોટો દરિયો

(47) વિદ્યાર્થી શિક્ષકને 'ઉછંગ' શબ્દનો અર્થ પૂછે છે ત્યારે નીચેનામાંથી શું સાચું ?

(A) શિક્ષક વિદ્યાર્થીને શબ્દનો અર્થ કહેશે.

(B) શિક્ષક વિદ્યાર્થીને પાઠ્યપુસ્તકમાં શબ્દનો અર્થ બતાવશે.

(C) શિક્ષક વિદ્યાર્થીને શબ્દનો અર્થ જણાવી યાદ કરવા પાંચ વાર લખવા આપશે.

(D) શિક્ષક શબ્દનો પ્રયોગ વાક્યમાં કરશે અને વિદ્યાર્થી શબ્દનો અર્થ જાતે જણાવે તેવી મદદ કરશે.

અધ્યાપન સમયે ICT નો સુયોગ્ય ઉપયોગ થયો કહેવાય. જ્યારે શિક્ષક,

(1) કમ્પ્યૂટર લેબમાં વિદ્યાર્થીઓને Word File બનાવતા શીખવે છે.

(2) જે કવિતા શીખવવાની છે તેનો વીડિયો વિદ્યાર્થીઓને બતાવે છે.

(3) જે કવિતા શીખવવાની છે પાઠ્યપુસ્તકનું તે પાનું PDF Screen પર બતાવીને સમૂહગાન કરવા કહે છે.

(4) Screen અને સ્પિકરના માધ્યમથી કવિતા રજૂ થાય છે અને શિક્ષક અને વિદ્યાર્થીઓ અભિનય સાથે ગાતાં ગાતાં નૃત્ય કરે છે.

(A) 1 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4

(49) ગણિતના વર્ગખંડમાં શિક્ષક વાર્તા કહી રહ્યાં છે તો શક્ય છે કે...

(P) તેઓ અન્ય વિષય સાથે અનુબંધ કરી રહ્યાં છે.

(Q) તેઓ વિષયાભિમુખ કરાવી રહ્યાં છે.

(R) તેઓ 'વાર્તા દ્વારા શિક્ષણ' પદ્ધતિનો ઉપયોગ કરી રહ્યાં છે.

(S) તેઓ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 સૂચિત અધ્યાપન કરી રહ્યાં છે.

(A) S (B) Q (C) એક પણ નહિ (D) તમામ

(50) ગુજરાતી ભાષામાં ઘોષ ધ્વનિ એટલે...

(A) ગળાના ભાગમાં આવેલ નાદતંત્રી અલ્પ માત્રામાં કંપે ને જે ધ્વનિ ઉત્પન્ન થાય તે

(B) ગળાના ભાગમાં આવેલ નાદતંત્રી કંપે ને જે રણકા જેવો ધ્વનિ ઉત્પન્ન થાય તે

(C) જે ધ્વનિનું ઉચ્ચારણ નાસિકા દ્વારા થાય તે

(D) જે ધ્વનિ ગળા અને નાસિકા દ્વારા ઉત્પન્ન થાય તે

(51) ગુજરાતી ભાષાશિક્ષક વર્ગખંડમાં વાતચીતની તક આપે છે ત્યારે હેતુ છે કે...

(A) વિદ્યાર્થી વ્યાકરણિક ક્ષમતામાં કુશળતા પ્રાપ્ત કરે.

(B) વિદ્યાર્થીની લેખિત અભિવ્યક્તિ વિકસે.

(C) વિદ્યાર્થી ભાવવાહી અને લયબદ્ધ પદ્યાત્મક રજૂઆત કરી શકે.

(D) વિદ્યાર્થી ચર્ચામાં જોડાય અને તેની મૌખિક અભિવ્યક્તિ વિકસે.

(52) ગુજરાતી ભાષા શિક્ષક તરીકે શું કરવાનું નથી ?

(A) આદર્શ મુખર વાચન કરવું. દરેક વિદ્યાર્થીને મુખર વાચન કરાવવું.

(B) માધ્યમો અને સોશિયલ મીડિયાનો ભાષા શિક્ષણમાં વિવેકપૂર્ણ ઉપયોગ કરવો.

(C) વ્યાકરણના મુદ્દા ઉદાહરણ દ્વારા સમજાવવા

(D) કર્તાનો પરિચય અને વિગતોનો મૂલ્યાંકનમાં સમાવેશ કરવાનો આગ્રહ રાખવો.

(53) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) વિદ્યાર્થીઓમાં ભાષાના તમામ કૌશલ્ય વિકસાવવા શિક્ષકે માત્ર પાઠ્યપુસ્તક પર આધાર રાખવો જરૂરી છે.

(B) શિક્ષકે વાતચીતના પ્રશ્નોના ઉત્તર લખાવવાના નથી.

(C) શિક્ષકે વિદ્યાર્થીઓને સ્પષ્ટ વાચન અને સુલેખન શીખવવાનું છે.

(D) વિદ્યાર્થીઓને શબ્દકોશનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કરવાના છે.

(54) નીચેનામાંથી ગુજરાતી સાહિત્યના વિવિધ સ્વરૂપોનું સાચું જોડકું કયું છે ?

(A) ગીત, દુહા, શ્લોક, મુક્તક, હાઈકુ,

(B) હાઈકુ, પત્રલેખન, નવલકથાખંડ, દુહા, શ્લોક

(C) હાઈકુ, દુહા, લોકગીત, મન્ત્ર, કથાકાવ્ય

(D) નવલકથાખંડ, કૂચગીત, લોકગીત, દુહા, મુક્તક

(55) કોઈપણ વિષયના શિક્ષણમાં વિદ્યાર્થીઓને વચ્ચે વચ્ચે મનોશારીરિક પ્રવૃત્તિઓ કરાવવાથી...

1. વિદ્યાર્થીઓ કંટાળો નથી અનુભવતા

2. વર્ગખંડ વાતાવરણ હકારાત્મક બને છે.

3. વિદ્યાર્થીઓ અધ્યાપનમાં સારી રીતે સહભાગી થાય છે.

4. શૈક્ષણિક પ્રક્રિયા રસપ્રદ બને છે.

(A) 1 (B) 1, 2 (C) 1, 3, 4 (D) 1, 2, 3, 4

(56) ધોરણ 5નો વિદ્યાર્થી ભાષાનો યોગ્ય ઉપયોગ કરી શકે તે માટે તમે શું કરશો ?

(A) વ્યાકરણના નિયમો પર ધ્યાન કેન્દ્રિત કરશો

(B) વિદ્યાર્થીને ભાષા વિશે વાંચવાનુ કહેશો

(C) વિદ્યાર્થીને વિભિન્ન સંદર્ભમાં ભાષાનો ઉપયોગ કરવાની તક આપશો.

(D) વિદ્યાર્થીને ભાષા વિશે લખવાનું કહેશો

(57) નીચેનામાંથી ક્યો ભાષાશિક્ષણનો હેતુ નથી ?

(A) અર્થગ્રહણ (B) અભિવ્યક્તિ અને પ્રત્યાયન

(C) વ્યાકરણ સજ્જતા (D) સર્જનાત્મકતા

(58) ભાષા વિકાસની પ્રવૃત્તિઓ માટે ERAC ના સંદર્ભમાં ક્યો ક્રમ સાચો છે ?

(A) ચિંતન, ઉપયોજન, અનુભવ, નિષ્કર્ષ (B) ચિંતન, અનુભવ, ઉપયોજન, નિષ્કર્ષ

(C) અનુભવ, ચિંતન, ઉપયોજન, નિષ્કર્ષ (D) અનુભવ, નિષ્કર્ષ, ચિંતન, ઉપયોજન

(59) 'વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા' સ્તુતિ કયા છંદમાં લખાયેલ છે ?

(A) વસંતતિલકા (B) મન્દાક્રાન્તા

(C) શીખરીણી (D) અનુષ્ટુપ

(60) ચડિયાતા ગણાતા ઉપમાનને ઉપમેય કરતાં ઉતરતું દર્શાવવામાં આવે ત્યારે .................. અલંકાર બને.

(A) ઉપમા અલંકાર (B) અનન્વય અલંકાર

(C) વ્યતિરેક અલંકાર (D) રૂપક અલંકાર

(61) Select the correct one for the sentence Mr. Naydu is old. He is very weak (so)

(A) Mr. Naydu is old so He is very weak.

(B) Mr. Naydu is old so He is very weak.

(C) Mr. Naydu is old so he is very weak.

(D) Mr. Naydu is old so, he is very weak.

(62) Identify the preposition in the sentence : The Dog is under the table.

(A) Dog (B) is (C) under (D) table

(63) Choose the correct option : You are coming to the school. ........................ ?

(A) aren't you ? (B) don't you ?

(C) will you ? (D) didn't you ?

(64) Identify the adjective in this sentence : The tall girl asked the question.

(A) girl (B) tall (C) asked (D) question

(65) Choose the correct passive voice form : "They are watching a movie".

(A) A movie is watched by them. (B) A movie is being watched by them.

(C) A movie has been watched by them. (D) A movie was being watched by them.

(66) Select the synonym of brave :

(A) Cowardly (B) Fearful

(C) Courageous (D) Weak

(67) Choose the correct antonym of victory :

(A) Loss (B) Defeat

(C) Failure (D) Both b and c

(68) Fill in the blank with the correct verb :

She ........... to the park every morning.

(A) go (B) goes

(C) going (D) gone

(69) Choose the correctly punctuated sentence :

(A) "Can you help me asked Rohit ?"

(B) "Can you help me ?" asked Rohit.

(C) Can you help me ? "asked Rohit"

(D) "Can you help me asked Rohit"

(70) Identify the tense : He has been playing since morning.

(A) Present continuous (B) Present perfect continuous

(C) Past continuous (D) Future perfect

(71) Choose the correctly spelt word :

(A) Centuries (B) Conturies

(C) Centories (D) Centurees

(72) Which approach emphasizes "learning by doing" in language teaching ?

(A) Grammar - Translation Method (B) Direct Method

(C) Activity - Based approach (D) Structural Approach

- **Read the passage given below carefully and answer the question Nos. 73 to 78 that follow.**

Technology has brought remarkable changes to human life. It has made communication faster, travel easier, and work more efficient. Yet, many thinkers warn us that dependence on technology also brings problems. Machines may save time, but they also reduce physical activity, leading to health issues. Mobile phones connect people, but they also cause distraction and addiction. Social media

spreads information quickly, but it can also spread false news. True progress, therefore, lies not only in inventing new tools but also in using them wisely. As Albert Einstein once remarked, "It has become appealingly obvious that our technology has exceeded our humanity." The challenge for the modern world is to balance technological growth with human values.

(73) According to the passage, technology has made Communication :

(A) Slower (B) Faster

(C) Difficult (D) Expensive

(74) What is one negative effect of machines mentioned in the passage ?

(A) They increase knowledge. (B) They cause health issues.

(C) They improve memory. (D) They reduce cost of living.

(75) Which of the following is a disadvantage of mobile phones, as per the passage ?

(A) They increase addiction and distraction. (B) They improve relationships.

(C) They help in studies. (D) They save money.

(76) What danger does social media present ?

(A) It spreads false news. (B) It reduces communication.

(C) It makes travel difficult. (D) It destroys machines.

(77) What, according to the passage, is true progress ?

(A) Inventing new tool quickly (B) Using technology wisely

(C) Reducing physical activity (D) Depending on machine completely

(78) What is described as the challenge for the modern world ?

(A) To invent new tools faster (B) To stop using technology

(C) To balance technology with human values (D) To depend on machines completely

(79) What is the meaning of Global ?

(A) Affecting the whole world. (B) Affecting the whole country.

(C) Affecting the whole family. (D) Affecting the whole public.

(80) What is indicated the 'LSRW' ?

(A) Expression (B) Process

(C) Skill (D) Material

(81) What is the real process of Listening ?

(A) Decoding, Understanding, Response. (B) Understanding, Decoding, Response.

(C) Response, Decoding, Understanding. (D) Decoding, Response, Understanding.

(82) Communication process is completed only when ........................

(A) using proper words. (B) the speaker gets a response.

(C) Brain starts working. (D) Encode, Selection, Source.

(83) Which is the type of reading skill ?

(A) Reading aloud (B) Reading Silently

(C) Reading with Comprehension (D) Both (A) and (B)

(84) How many vowels are there in English and Gujarati language ?

(A) 5, 11 (B) 6, 15 (C) 5, 12 (D) 7, 10

(85) How can you improve student's reading comprehension ?

(A) Asking questions and finding answers (B) Increasing reading speed

(C) Reducing reading materials (D) Reading regularly

(86) English sentence pattern is...

(A) Object-Verb-Subject (B) Verb-Object-Subject

(C) Subject-Object-Verb (D) Subject-Verb-Object

(87) Find the correct option about Direct Method of language teaching :

(A) Teaching through translation method.

(B) Mother tongue is not used at all.

(C) Teaching with the help of mother tongue.

(D) Part of bilingual method.

(88) What is the role of teacher in communicative approach ?

(A) Counsellor (B) Guide

(C) Speaker (D) Facilitator

(89) Write the correct order of your lesson plan.

1. Clarification of the Unit 2. Assignment

3. Pre task activity 4. Evaluation

(A) 3, 1, 4, 2 (B) 2, 4, 3, 1

(C) 1, 3, 2, 4 (D) 4, 2, 1, 3

(90) All of .......... sudden, the child started to jump.

(A) a (B) an (C) the (D) no article

(91) $\frac{3}{4}$ લિટર = ................ મિલિ.

(A) 250 (B) 1000 (C) 300 (D) 750

(92) મીનાએ 66 લાડુ બનાવ્યા છે. હવે મીના લાડુ નાના બૉક્ષમાં મુકવા માગે છે. એક બૉક્ષમાં 4 લાડુ મુકી શકાય એમ છે. મીનાએ બનાવેલ લાડુથી બૉક્ષ આખા ભરાઈ જાય તે માટે તેણીએ કેટલા વધારે લાડુ બનાવવા પડશે ?

(A) 4 (B) 2 (C) 8 (D) 0

(93) એક પોસ્ટ ઓફિસમાં 50 ગ્રામ પાર્સલનો દર 10=00 રૂપિયા છે. ત્યાર બાદ વધારાના દરેક 50 ગ્રામ માટે રૂા. 4=00 નો દર છે. જો ઝીલે પોતાના પાર્સલ માટે રૂા. 46=00 ચુકવ્યા હોય તો તેના પાર્સલનું દર કેટલા કિલોગ્રામ હશે ?

(A) 500 કિલોગ્રામ (B) 05 કિલોગ્રામ

(C) 0.5 કિલોગ્રામ (D) 50 કિલોગ્રામ

(94) એક ચોરસ મેદાનની એક બાજુની લંબાઈ 10 મીટર છે. હવે તેને એવી રીતે લંબચોરસ મેદાનમાં ફેરવવામાં આવે છે કે તેની પરિમિતિ મહત્તમ થાય. તો લંબચોરસ મેદાનની મહત્તમ પરિમિતિ કેટલી બની શકે ?

(A) 100 મીટર (B) 90 મીટર

(C) 200 મીટર (D) 202 મીટર

(95) ઘડિયાળના મીનીટ કાટા અને કલાક કાટા વચ્ચેનો ખૂણો ગુરૂકોણ છે. તો ઘડિયાળમાં કેટલા વાગ્યા હશે ?

(A) 12=00 કલાક (B) 12=15 કલાક

(C) 5=15 કલાક (D) 9=15 કલાક

(96) એક શાળામાં 200 બાળકો પૈકી 25 બાળકો અન્ય ગામમાંથી શાળામાં આવે છે. તો ગામમાંથી શાળામાં આવતા બાળકો માટે નીચે પૈકી શું સાચું છે ?

(A) $\frac{4}{8}$ બાળકો ગામમાંથી આવે છે. (B) $\frac{7}{8}$ બાળકો ગામમાંથી આવે છે.

(C) $\frac{1}{8}$ બાળકો ગામમાંથી આવે છે. (D) $\frac{5}{8}$ બાળકો ગામમાંથી આવે છે.

(97) 1 કિલોગ્રામ કેરીમાંથી 600 ગ્રામ કેરીનો પલ્સ નીકળે છે. 1 કિલોગ્રામ કેરીનો ભાવ 80 રૂપિયા છે. જ્યારે 1 કિલોગ્રામ પલ્સનો ભાવ 160 રૂપિયા છે. જો ખેડુત 10 કિલોગ્રામ કેરી વેચવાને બદલે તેનો પલ્સ કાઢીને વેચે છે તો ખેડુતને કેટલો ફાયદો થાય ?

(A) 800 રૂપિયા (B) 080 રૂપિયા (C) 160 રૂપિયા (D) 200 રૂપિયા

(98) કોઈ એક બે એકની સંખ્યાના અંકને આગળ પાછળ કરવાથી બનતી સંખ્યા અને મૂળ સંખ્યાનો સરવાળો 11 નો વર્ગ બને છે. તો બે અંકની મૂળ સંખ્યા કઈ હશે ?

(A) 74 (B) 68 (C) 89 (D) 76

(99) જો કોઈ રેખાખંડના બે અંત્યબિંદુ વર્તુળ પર હોય તો તે વર્તુળની ............... હોય.

(A) વ્યાસ (B) સ્પર્શક (C) ચાપ (D) જીવા

(100) સંપૂર્ણખૂણાનું માપ કેટલું થાય ?

(A) $90^0$ (B) $180^0$ (C) $360^0$ (D) $270^0$

(101) જો ત્રિકોણનો એક ખૂણો ગુરૂકોણ હોય તો બાકીના બે ખૂણા .............. હોય.

(A) લઘુકોણ (B) ગુરૂકોણ (C) કાટકોણ (D) સરળકોણ

(102) 8, 4, 17, 26, 30, 28, 21 નો મધ્યસ્થ શું આવે ?

(A) 21 (B) 26 (C) 30 (D) 20

(103) જો સમાંતર બાજુની એક જોડ સમાન હોય અને ચારેય ખૂણા કાટકોણ ન હોય તો તે કયા પ્રકારનો ચતુષ્કોણ થશે ?

(A) સમાંતર બાજુ ચતુષ્કોણ (B) ચોરસ

(C) સમલંબ ચતુષ્કોણ (D) લંબચોરસ

(104) એક વિદ્યાર્થીએ 80 ગુણમાંથી 60 ગુણ મેળવ્યા છે. તો તેણે કેટલા ટકા (%) ગુણ પ્રાપ્ત કર્યા હશે ?

(A) 60 (B) 80 (C) 75 (D) 70

(105) ગણિત શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય શું છે ?

(A) વિદ્યાર્થીને ગણિતના સૂત્રો યાદ કરાવવા

(B) વિદ્યાર્થીઓના તાર્કિક અને વિશ્લેષણાત્મક વિચારસરણી વિકસાવવી

(C) ઘડિયા મોઢે કરાવવા

(D) ગણિતના દાખલાઓનાં ખૂબ મહાવરો કરાવવો

(106) આગમન પદ્ધતિ માટે નીચે પૈકી શું સાચું છે ?

(A) સૂત્રમાં રકમ મુકતા શીખવવું

(B) વિશીષ્ટ ઉદાહરણ પરથી સૂત્રો તારવતા શીખડાવવું

(C) સૂત્રો પરથી ગણતરી કરતા શીખવવું

(D) રકમના અંતે યોગ્ય એકમ મુક્તા શીખવવું

(107) ગણિત શિક્ષણમાં "પ્રયોગ પદ્ધતિ" (Laboratory Method) નો ઉપયોગ ક્યારે થાય ?

(A) ફક્ત સૈદ્ધાંતિક જ્ઞાન આપવા

(B) પરીક્ષાની તૈયારી કરાવવા

(C) વિદ્યાર્થીને પ્રયોગ દ્વારા ગાણિતિક પરિભાષાની સમજણ આપવી હોય

(D) જ્યારે વિદ્યાર્થી ગણિત શિક્ષણથી કંટાળો અનુભવતો હોય

(108) એક સમસ્યા હલ કરવાનું પ્રથમ પગલું શું હોવું જોઈએ ?

(A) જવાબનાં અંદાજો લગાવવો

(B) સમસ્યાને સમજવી અને શું પુછવામાં આવ્યું છે તે જાણવું

(C) તરતજ ગણતરી શરૂ કરવી

(D) સમસ્યાને અવગણવી

(109) "અનુમાન અને પરિક્ષણ" પદ્ધતિ શું છે ?

(A) જવાબનો અંદાજો લગાવવો અને પછી તપાસ કરવી કે તે કામ કરે છે કે નહીં

(B) ફક્ત સરળ પ્રશ્નોને હલ કરવા

(C) કોઈ પણ ગણતરી કર્યા વગર અનુમાનથી જવાબ લખી દેવો

(D) ફક્ત અનુમાન કરવું અને પછી શિક્ષકને પુછવું કે તેનું અનુમાન સાચું છે કે નહીં

(110) 1 મિલિયન એટલે ..............

(A) હજાર (B) દસ હજાર

(C) લાખ (D) દસ લાખ

(111) 5 લિટર અને 25 મિલી લિટરનો ગુણોત્તર મેળવો.

(A) 20:40 (B) 20:1 (C) 1:20 (D) 200:1

(112) કોઈ એક સંખ્યાના બમણામાંથી 15 બાદ કરતાં 27 મળે છે. વિધાનને સમીકરણ સ્વરૂપે દર્શાવો.

(A) $\frac{x-15}{2}=27$ (B) $2x-15=27$

(C) $2(x-15)=27$ (D) $x-15=\frac{27}{2}$

(113) કાગળમાંથી તૈયાર કરેલ અને ઉપર - નીચેથી ખુલ્લા નળાકારના ખુલ્લા ભાગને લંબરૂપે કાપતા કયો આકાર બનશે ?

(A) શંકુ (B) ચતુષ્કોણ

(C) અનિશ્ચિત આકાર (D) લંબચોરસ

(114) 'વિદ્યાર્થીઓ ચોકસાઈથી ત્રિકોણની રચના કરે' આ વિશિષ્ટ હેતુ કયા સામાન્ય હેતુનો છે ?

(A) જ્ઞાન (B) સમજ

(C) ઉપયોજન (D) કૌશલ્ય

(115) વિશિષ્ટ ઉદાહરણો પરથી સામાન્ય નિયમની તારવણી કરવી એ કઈ પદ્ધતિની વિશેષતા છે ?

(A) નિદર્શન પદ્ધતિ (B) પૃથક્કરણ - સંયોગીકરણ પદ્ધતિ

(C) સમસ્યા ઉકેલ પદ્ધતિ (D) આગમન પદ્ધતિ

(116) આદર્શ પ્રશ્નપત્ર રચના માટેની બ્લ્યુપ્રિન્ટમાં ક્યુ ઘટક સમાવિષ્ટ નથી ?

(A) એકમ પ્રમાણે ગુણભાર | (B) વિદ્યાર્થીની મૌલીકતા પ્રમાણે ગુણભાર

(C) હેતુ પ્રમાણે ગુણભાર | (D) પ્રશ્નસ્વરૂપ પ્રમાણે ગુણભાર

(117) 400 થી 490 ની વચ્ચે કુલ કેટલી એકી સંખ્યાઓ આવે છે ?

(A) 25 (B) 37 (C) 41 (D) 45

(118) ધોરણ 4 ગણિતના પાઠ્યપુસ્તકના કયા પ્રકારના પાનાની કિનારીનો માપપટ્ટી તરીકે ઉપયોગ કરવા માટે જણાવવામાં આવ્યું છે ?

(A) ટીક-ટીક-ટીક | (B) ભોપાલનો પ્રવાસ

(C) દુનિયા જોવાનો રસ્તો | (D) લાંબુ અને ટૂંકુ

(119) ધોરણ 3 થી 5 ના ગણિતના પાઠ્યપુસ્તકોમાં દરેક પ્રકરણની શરૂઆતમાં આપેલા QR Code ને સ્કેન કરવાથી કઈ એપ્લિકેશન શરૂ થાય છે ?

(A) DIKSHA | (B) G – SHALA

(C) SMA | (D) e Pathshala

(120) મોના 10 મીટર લાંબી માળા બનાવી રહી છે. અત્યારે તેણે 2 મીટર 9 સેમી લાંબી માળા બનાવી દીધી છે. હજુ તેણે કેટલા મીટર માળા બનાવવાની બાકી રહી છે ?

(A) 7 મીટર 91 સેમી | (B) 8 મીટર 90 સેમી

(C) 7 મીટર 80 સેમી | (D) 8 મીટર 80 સેમી

(121) જો એક અન્નક્ષેત્રમાં દરરોજ સરેરાશ 5 કિગ્રા મીઠું વપરાતું હોય અને જો મીઠાનો ભાવ રૂા. 20 પ્રતિ કિગ્રા હોય, તો ત્રણ અઠવાડિયામાં કેટલા કિગ્રા મીઠું વપરાઈ જાય ?

(A) 15 | (B) 105

(C) 1050 | (D) 2100

(122) એક ખોખું 20 સેમી x 10 સેમી x 6 સેમી માપનું અને બીજું ખોખું 11 સેમી x 11 સેમી x 10 સેમી માપનું છે. આ બંને ખોખામાં થઈને વધુમાં વધુ 1 સેમીના કુલ કેટલા ઘન ગોઠવી શકાય ?

(A) 1200 | (B) 1780

(C) 2000 | (D) 2410

(123) સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઊંચાઈ કેટલા મીટર છે ?

(A) 192 મીટર | (B) 172 મીટર

(C) 182 મીટર | (D) 200 મીટર

(124) ભારતરત્ન પુરસ્કાર મેળવનાર પ્રથમ રમતવીર કોણ છે ?

(A) પી.ટી. ઉષા

(B) સચિન તેંડુલકર

(C) વિશ્વનાથ આનંદ

(D) મેજર ધ્યાનચંદ

(125) ગુજરાતના કયા સાહિત્યકારને 'કવિ શિરોમણિ'નું બિરુદ આપવામાં આવેલ છે ?

(A) પ્રેમાનંદ

(B) શામળ

(C) દયારામ

(D) નરસિંહ મહેતા

(126) ગુજરાતની સૌથી લાંબી નદી કઈ છે ?

(A) નર્મદા

(B) તાપી

(C) મહીસાગર

(D) સાબરમતી

(127) ગુજરાતના ઈતિહાસનો સૌ પ્રથમ સત્યાગ્રહ ક્યો ?

(A) ખેડા સત્યાગ્રહ

(B) બારડોલી સત્યાગ્રહ

(C) બોરસદ સત્યાગ્રહ

(D) અસહકાર આંદોલન

(128) ગુજરાત સરકારે કન્યાશિક્ષણને ઉત્તેજન આપવા તાજેતરમાં કઈ યોજના શરૂ કરેલ છે ?

(A) નમો સરસ્વતી યોજના

(B) નમો લક્ષ્મી યોજના

(C) જ્ઞાનસાધના મેરીટ સ્કૉલરશીપ યોજના

(D) જ્ઞાનસેતુ મેરીટ સ્કૉલરશીપ યોજના

(129) NEP - 2020 મુજબ શાળાઓમાં શિક્ષણની કઈ નવી અભ્યાસ પદ્ધતિ અમલી બનેલ છે ?

(A) 5 + 3 + 2 + 2

(B) 5 + 3 + 3 + 4

(C) 8 + 2 + 2

(D) 4 + 6 + 2 + 2

(130) ગુજરાતનો કોઈ ખેલાડી રાષ્ટ્રીયસ્તરે સિદ્ધિ હાંસલ કરે ત્યારે તેને કયો ખેલ પુરસ્કાર આપવામાં આવે છે ?

(A) એકલવ્ય પુરસ્કાર

(B) જયદિપ સિંહજી પુરસ્કાર

(C) સરદાર વલ્લભભાઈ પટેલ પુરસ્કાર

(D) રણજીતરામ સુવર્ણચંદ્રક

(131) કયા પાકના વાવેતરમાં કાળી અને કાંપાવાળી જમીન ઉપયોગમાં લેવાય છે ?

(A) તમાકુ (B) ઘઉં (C) મગફળી (D) કપાસ

(132) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020" ના અનુસંધાને "વાર્તાનો વડલો" વાર્તા સંગ્રહનું પુસ્તક પ્રાથમિક શાળાના બાળકો માટે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે વાર્તા ક્યા લેખકની છે ?

(A) શ્રી ઝવેરચંદ મેઘાણી

(B) શ્રી રવિશંકર મહારાજ

(C) શ્રી ગિજુભાઈ બધેકા

(D) શ્રી રમણલાલ સોની

(133) માઉન્ટ એવરેસ્ટની ટોચ ઉપર ચઢનાર પ્રથમ ભારતીય મહિલા કોણ છે ?

(A) અનુજા વૈદ્ય (B) સંગીતા સિંધી

(C) અદિતિ વૈદ્ય (D) બચેન્દ્રી પાલ

(134) ભારતમાં "શિકારી છોડ" (Hunter Plant) કળશપર્ણ તરીકે ઓળખાય છે. તે ક્યા રાજ્યમાં જોવા મળે છે ?

(A) મેઘાલય (B) કેરળ

(C) જમ્મુ - કાશ્મિર (D) અંદમાન - નિકોબાર

(135) ઘરમાં રસોઈ બનાવવા વપરાતાં બળતણ (fuel-ફ્યુઅલ) માટેના સ્ત્રોત અને સ્ત્રોતને અનુરૂપ વપરાતુ સાધનની જો. આપેલ છે. તે પૈકી સાચી જોડ કઈ છે ?

(A) (1) સૂર્યપ્રકાશ ←→ પ્રાયમસ
(2) કેરોસીન ←→ સગડી
(3) ગોબર ←→ સૂર્યકૂકર
(4) વીજળી ←→ ગેસ સ્ટવ

(B) (1) કેરોસીન ←→ પ્રાયમસ
(2) સૂર્યપ્રકાશ ←→ સૂર્યકૂકર
(3) વીજળી ←→ સગડી
(4) ગોબર ←→ ગેસ સ્ટવ

(C) (1) ગોબર ←→ સૂર્યકૂકર
(2) વીજળી ←→ ગેસ સ્ટવ
(3) સૂર્યપ્રકાશ ←→ સગડી
(4) કેરોસીન ←→ પ્રાયમસ

(D) (1) વીજળી ←→ સગડી
(2) ગોબર ←→ સૂર્યકૂકર
(3) કેરોસીન ←→ ગેસ સ્ટવ
(4) સૂર્યપ્રકાશ ←→ પ્રાયમસ

(136) "હું જમીનથી દસથી બાર ફૂટ ઊંચે વાંસના થાંભલા પર બનેલું ઘર છું" – કહો જોઈએ હું ક્યાં છું ? શા માટે ?

(A) કેરળ ←→ બૅક વૉટરના કારણે (B) અંદમાન - નિકોબાર ←→ છિછરા દરિયાના કારણે

(C) જમ્મુ-કાશ્મિર ←→ બરફ પડવાના કારણે (D) આસામ ←→ વરસાદ વધુ હોવાથી

(137) કર્કવૃત ગુજરાતમાંથી કેટલાક જિલ્લાઓમાંથી પસાર થાય છે. જિલ્લાઓની વિગતની જોડીઓ નીચે આપેલી છે. તે પૈકી કઈ જોડ સાચી છે ?

(A) કચ્છ ⟷ પાટણ ⟷ મહેસાણા ⟷ સાબરકાંઠા ⟷ અરવલ્લી ⟷ મહિસાગર

(B) કચ્છ ⟷ પાટણ ⟷ મહેસાણા ⟷ ગાંધીનગર ⟷ સાબરકાંઠા ⟷ અરવલ્લી

(C) કચ્છ ⟷ પાટણ ⟷ મહેસાણા ⟷ બનાસકાંઠા ⟷ સાબરકાંઠા ⟷ અરવલ્લી

(D) કચ્છ ⟷ પાટણ ⟷ બનાસકાંઠા ⟷ ગાંધીનગર ⟷ સાબરકાંઠા ⟷ અરવલ્લી

(138) રાષ્ટ્રીય શિક્ષણનીતિ - 2020 અંતર્ગત ભારતીય જ્ઞાન-પ્રણાલી અંતર્ગત "વૈદિક ગણિત" પ્રાથમિક અને માધ્યમિક શાળા શિક્ષણમાં અમલી થયેલ છે. તે કયા ધોરણોમાં લાગુ થયેલ છે ?

(A) ધોરણ 5 થી 10
(B) ધોરણ 6 થી 10
(C) ધોરણ 6 થી 9
(D) ધોરણ 5 થી 9

(139) રાજ્યમાં "નિપુણ ભારત" કાર્યક્રમ નીચેના પૈકી શાનાથી સંબંધિત છે ?

(A) 15 વર્ષથી 32 વર્ષની વયના નિરીક્ષકોને સાક્ષર કરવા માટેની રાષ્ટ્રીય પહેલ

(B) માધ્યમિક શિક્ષણમાં ડ્રોપ આઉટ ઘટાડવા માટેની રાષ્ટ્રીય સ્તરની પહેલ

(C) ધોરણ 6 થી 8 ના બાળકો માટેની ગણિત-વિજ્ઞાન વિષયની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા

(D) સમજ સાથે વાચન અને પાયાના ગણનમાં નિપુણતા માટેની રાષ્ટ્રીય પહેલ

(140) "રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020" સમગ્ર દેશમાં અમલી કરવા માટે રાષ્ટ્રીય સંચાલન સમિતિના અધ્યક્ષ નીચેનામાંથી કોણ હતા ?

(A) ભારતના વડાપ્રધાનશ્રી
(B) ડૉ. કે. કસ્તુરીરંગન
(C) પ્રોફેસર મંજુલ ભાર્ગવ
(D) ભારત સરકારના શિક્ષણપ્રધાન

(141) દિવ્યાંગજનો માટે વાંચનમાં મદદ માટે વાંચન-લેખન "બ્રેઈન લિપિ" વિશેની ચર્ચા પર્યાવરણ વિષયમાં કયા ધોરણમાં કરવામાં આવેલ છે ?

(A) ધોરણ - 4 પર્યાવરણ - આસપાસ
(B) ધોરણ - 2 પર્યાવરણ - આસપાસ
(C) ધોરણ - 3 પર્યાવરણ - આસપાસ
(D) ધોરણ - 5 પર્યાવરણ - આસપાસ

(142) "ઉત્તરાયણ" ઊજવણીને નીચેના પૈકી કઈ ઘટના સાથે સંબંધ છે ?

(A) સામાજિક ઘટના
(B) ધાર્મિક ઘટના
(C) વૈજ્ઞાનિક ઘટના
(D) ખગોળિય ઘટના

(143) મરચાના બીજ ભારતમાં કયા દેશમાંથી આવેલા છે ?

(A) દક્ષિણ અમેરિકા
(B) સ્વિડન
(C) ઈંગ્લેન્ડ
(D) પોર્ટુગલ

(144) વિશ્વ વિખ્યાત "પશ્મીના" શાલ ભારતમાં કયા રાજ્યનાં લોકો બનાવે છે ?

(A) હિમાચલ (B) સિક્કિમ

(C) જમ્મુ-કાશ્મિર (D) લદ્દાખ

(145) ભારતનો નદી ઉપરનો સૌથી મોટો કેબલ બ્રિજ કઈ નદી પર છે ? ક્યાં છે ?

(A) નર્મદા નદી ⟷ કેવડિયા કોલોની (B) નર્મદા નદી ⟷ ભરૂચ

(C) તાપી નદી ⟷ સુરત (D) તાપી નદી ⟷ ઉકાઈ

(146) ચાલુ વર્ષે મોનસૂન સત્રમાં સંસદમાં "ઓનલાઈન ગેમિંગ પ્રોત્સાહન અને નિયમન બિલ - 2025" કોના દ્વારા રજુ કરવામાં આવ્યું હતું ?

(A) શિક્ષણમંત્રીશ્રી (B) ગૃહમંત્રીશ્રી

(C) કેન્દ્રિય માહિતી અને પ્રસારણ મંત્રી (D) કેન્દ્રિય રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક મંત્રી

(147) દિવ્યાંગ વિદ્યાર્થીઓની RPWD Act-2016 અંતર્ગત નિયત થયેલ વિવિધ Disability તપાસ માટેની ભારત સરકાર દ્વારા તૈયાર કરેલ App કઈ છે ?

(A) DIKSHA (દિક્ષા) (B) U - DISE (યુ-ડાયસ)

(C) PRABANDH (પ્રબંધ) (D) PRASHAST (પ્રશસ્ત)

(148) વિશ્વના કયા દેશમાં સોળ વર્ષથી ઓછી વયના માટે યુટ્યુબ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે ?

(A) ન્યુઝીલેન્ડ (B) ઓસ્ટ્રેલિયા

(C) કેનેડા (D) ફિલીપાઇન્સ

(149) ગુજરાત રાજ્યના કયા મેળામાં "હુડો" રાસ જોવા દેશ-વિદેશથી પ્રવાસીઓ આવે છે ?

(A) તરણેતરનો મેળો (B) વડનગરનો મેળો

(C) રાજકોટનો મેળો (D) પોરબંદરનો મેળો

(150) જાહેર હિતની અરજીનો વિચાર કયા દેશમાં ઉદ્ભવ્યો હતો ?

(A) કેનેડા (B) યુનાઇટેડ સ્ટેટ ઓફ અમેરિકા

(C) સ્વિડન (D) ઓસ્ટ્રેલિયા

◆◆◆

# રફ કામ માટેનું પેઇજ

QUESTION PAPER NO.
A 101036

રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુક્યા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.